# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day :WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચોમાસા અગાઉની એટલે કે પ્રિ-મોન્સૂન કામગીરીની સમીક્ષા કરવા અધિકારીઓને સૂચના આપી છે. આજે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં શ્રી પટેલે પ્રિમોન્સુન કામગીરીનો અહેવાલ તૈયાર કરવા પણ સૂચના આપી. તેમણે સરકારી કામકાજની ગુણવતામા કોઈપણ બાંધછોડ ન ચલાવી લેવા પણ સંબંધિત અધિકારોને સૂચના આપી. બેઠક દરમિયાન રાજ્યમાં પેટ્રોલ ડીઝલની સ્થિતિની પણ સમીક્ષા કરાઇ જેમાં મુખ્યમંત્રીએ પેટ્રોલ ડીઝલની સંગ્રહખોરી કરતા લોકો સામે પગલા લેવા પણ નિર્દેશ આપ્યા. આ દરમિયાન ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં પેટ્રોલ, ડિઝલનો પૂરતો જથ્થો હોવાનો જણાવ્યું.

(BYTE: RUSHIKESH PATEL)

# KUTCH DRUGS

કચ્છ જિલ્લાના દરિયાકાંઠે ફરી એકવાર મોટા પ્રમાણ માદક પદાર્થનો જથ્થો જપ્ત કરાયો છે. મુદ્રા બંદર તરફ આવી રહેલા એક જહાજમાંથી એક હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડાયો છે. ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી-ATS અને તટ રક્ષકે સંયુક્ત ઓપરેશન હાથ ધરી માદક પદાર્થના કુલ 115 પેકેટ કર્યા. આ મામલે તપાસ ટીમે કુલ ત્રણ લોકોને ઝડપી પૂછપરછ શરૂ કરી છે. જ્યારે એક વ્યકિત દરિયામાં કૂદી પડ્યો હોઇ તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# PM JANDHAN YOJANA

પ્રધાનમંત્રી જનધન યોજનાના કારણે આર્થિક રીતે નબળા લોકો માટે નાણાકીય સેવાઓની સુલભતામાં પરિવર્તન આવ્યું છે. ત્યારે ડાંગ જિલ્લામાં આ યોજના હેઠળ એક લાખ 38 હજાર 500 લોકોએ બેન્ક ખાતા ખોલાવ્યા છે. આ અંગે બેન્કસખી રૂપમ ભોયે-એ વધુ માહિતી આપી.

(BYTE: RUPAM BHOYE, BANK SAKHI)

# VALSAD ZERO SHADOW

વલસાડ જિલ્લા ધરમપુરમાં વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે “ઝીરો શેડો ડે” નિરીક્ષણ કાર્યક્રમ યોજાયો. બપોરના સમયે સૂર્ય બરાબર માથા ઉપર આવતા ઊભી વસ્તુની છાયા લગભગ અદૃશ્ય થઈ જાય છે ત્યારે વિદ્યાર્થીઓએ ખુલ્લા મેદાનમાં ચોક્કસ સમયે છાયા ગાયબ થતી હોવાનો અનુભવ કર્યો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને પૃથ્વી-સૂર્ય સંબંધ, ઉતરાયણ-દક્ષિણાયન, કર્કવૃત- મકરવૃત, અક્ષાંશ તથા ખગોળીય ગણિત અંગે પણ સમજ અપાઈ.

# TALIM PURN

રાજકોટ જિલ્લામાં વસ્તીગણતરીની કામગીરી માટે ગણતરીદારો અને સુપરવાઇઝર્સની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. 11 તાલુકા અને 6 નગરપાલિકાના કુલ મળીને 3 હજાર 400 થી વધુ હવે ગણતરીદારો ૧ જૂનથી પોતાને ફાળવાયેલા વિસ્તારોમાં હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ ઓપરેશન અંતર્ગત ઘર ગણતરીની કામગીરી શરૂ કરશે.

વિવિધ તાલુકા મથકો તથા નગરપાલિકા વિસ્તાર તથા ઔધ્યોગિક વિસ્તારમાં 11 થી 25 મી મે દરમિયન તાલીમ અપાઈ હતી. તાલીમસત્રો દરમિયાન ઉપસ્થિત તાલીમાર્થીઓને વસ્તી ગણતરીની પ્રક્રિયા, ડિજિટલ એપ્લિકેશનનો ઉપયોગ, ફિલ્ડ વર્કની જવાબદારીઓ અને ડેટા કલેક્શન પ્રોટોકોલ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પડાયું હતું.

# CHHOTA UDEPUR GHANGHARI KALA

કોઈ પણ કળા સાચા અને યોગ્ય વ્યક્તિના હાથમાં હોય તો તે સદીઓ સુધી સચવાયેલી રહે છે. આ જ વાક્યને છોટાઉદેપુર જિલ્લામાં લુપ્ત થતી આદિવાસી પરંપરાને ઘાંઘળી એટલે કે, પરંપરાગત તંતુવાદ્ય વગાડનારા તનસિંગ રાઠવાએ આજે અકબંધ રાખી છે. એટલું જ નહીં, તેઓ આ લુપ્ત થતી કળાને બચાવવા અન્ય લોકોને પણ ઘાંઘરી વગાડવાનું શીખવી રહ્યા છે. આ અંગે તેમની પ્રતિક્રિયા સાંભળીએ.

(BYTE: TANSING RATHWA)

# POLICE RECRUITMENT

ગુજરાત પોલીસ ભરતી બોર્ડની જાહેરાત મુજબ લોકરક્ષક કેડરની શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા 14 મિ જૂન લેવાશે. જે માટેના કોલ લેટર 6 જૂનથી ઓજસ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પરથી ડાઉનલોડ કરી શકાશે.